# અણુ સક્ષમ અગ્નિ-૧ મિસાઈલનું સફળ પરીક્ષણ

બેલાસોર,તા. ૧૩

ભારતે આજે તેની સ્વદેશી રીતે વિકસીત કરવામાં આવેલી પરમાણુ સક્ષમ અગ્નિ-૧ બેલાસ્ટિક મિસાઈલનું સફળ રીતે પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ ૭૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. ઓરિસ્સાના દરિયાકાંઠે વિલર આઈલેન્ડ ખાતે ટેસ્ટ રેન્જથી સેનાના યુઝર ટ્રાયલના ભાગરૂપે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જમીનથી જમીનમાં પ્રહાર કરવા માટે સક્ષમ એક તબક્કાની આ મિસાઈલનું સવારે ૧૦-૧૦ વાગે મોબાઈલ લોન્ચરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સરંક્ષણ સુત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે બેલાસોરથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે્ સ્થિત વિલર આઈલેન્ડ ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના લોન્ચ પેડ ચાર પરથી આનુ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.



સરંક્ષણ વૈજ્ઞાનિકો એક વખતે મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. લોન્ચને ભારતીય સેનાના વ્યૂહાત્મક ફોર્સ કમાન્ડ દ્વારા રૂટિંગ યુઝર ટ્રાયલ તરીકે ગણાવીને સરંક્ષણ સૂત્રોએ કહ્યું હતું કે આનો મુખ્ય ઉદ્દેશ મિસાઈલ લોન્ચ કરવા યુઝર ટીમને તાલિમ આપવાનો છે. સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ડીઆરડીઓ દ્વારા તમામ પ્રકારની મદદ આમા આપવામાં આવી રહી છે. અગ્નિ-૧ મિસાઈલ ખાસ કરીને નેવીગેશન સિસ્ટમ ધરાવે છે. ૭૦૦ કિલોમીટર સુધી આ મિસાઈલ ખૂબ જ અસરકારક રીતે ત્રાટકી શકે છે. આ મિસાઈલનું વજન ૧૨૦૦૦ કિલોગ્રામ છે જ્યારે તેની લંબાઈ ૧૫ મીટર છે. આ મિસાઈલ ૧૦૦૦ કિલોગ્રામ સુધીના પેલોડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ભારતીય સેનામાં આ મિસાઈલને પહેલાંથી જ સામેલ કરવામાં આવી ચૂકી છે. અગ્નિ-૧ મિસાઈલનો યુનિટ ખર્ચ ૨૫૦થી ૩૫૦ મિલિયન રૂપિયા છે. અગ્નિ સીરીઝની મિસાઈલો વિકસીત કરવામાં ભારતે સતત આગેકૂચ કરી છે. અગ્નિની ટેકનોલોજીમાં સતત વધારો કરવામાં આવ્યો છે. અગ્નિ-૧ મિસાઈલનું સૌથી પહેલા વર્ષ ૧૯૮૯માં પરીક્ષણ કરાયું હતું.

## અગ્નિ-૧ પ્રોફાઈલ

| | | |
|---|---|---|
| ટાઈપ | : | મિડિયમ રેન્જની બેલાસ્ટિક મિસાઈલ |
| મૂળ સ્થળ | : | ભારત |
| ઉપયોગ | : | ભારતીય સેના |
| મેન્યુફેક્ચરર | : | ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન |
| યુનિટ ખર્ચ | : | ૨૫૦-૩૫૦ મિલિયન રૂપિયા |
| વજન | : | ૧૨૦૦૦ કિલોગ્રામ |
| લંબાઈ | : | ૧૫ મીટર |
| ઊંચાઈ | : | ૧ મીટર |
| વોરહેડ | : | સ્ટ્રેટેજીક ન્યુક્લીયર (૧૫થી ૨૫૦ કેટી) પરંપરાગત વોરહેડ |
| એન્જીન | : | સીંગલ એન્જીન |
| ઓપરેશનલ રેન્જ | : | ૭૦૦થી ૯૦૦ કિમી |

# ઓલિમ્પિકમાં ભાગ લેવા કલમાડીને લીલીઝંડી મળી

નવી દિલ્હી, તા. ૧૩

દેશભરમાં ચકચાર જગાવનાર કોમનવેલ્થ કૌભાંડ કેસના આરોપી અને કોમનવેલ્થ ગેમ્સ આયોજન સમિતીના ચેરમેનપદેથી હકાલપટ્ટી કરાયેલ સુરેશ કલમાડીએ આગામી મહિને લંડનમાં યોજાનાર ઓલમ્પીક ગેમ્સમાં હાજર રહેવા કોર્ટની મંજૂરી મળી ગઈ છે. ખાસ સીબીઆઈ કોર્ટના જજ તલવંતસિંઘે ગઈકાલે કલમાડીની અરજીને આજે મંજૂરી આપી દીધી હતી. અરજીમાં કલમાડીએ રજૂઆત કરી હતી કે, તે ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ એથ્લેટીકસ ફેડરેશન (આઈએએએફ)ની પરિષદના સભ્ય છે. તેથી ૨૬મી જુલાઈથી ૧૩ ઓગસ્ટ વચ્ચે યુકેમાં રમાનાર ઓલમ્પીકમાં હાજરી આપવા મંજૂરી આપો. કલમાડીએ વધુમાં કહ્યું હતું કે, આઈએએએફ પરિષદ તેમજ એશિયન એથ્લેટીક્સ એસોસીએશન (એએએ)ના વડા હોવાથી ઓલમ્પીક દરમિયાન યોજાનાર ચોક્કસ બેઠક, પરિષદ અને અન્ય બેઠકમાં હાજર રહેવું આવશ્યક છે. ચાર્જફ્રેમ વાળા અંગેની કલમાડીની અરજી પર આવતીકાલે સુનાવણી હાથ ધરાશે.



# વિવાદાસ્પદ ગાર અંગે ચર્ચા કરવા સમિતિની રચના

નવીદિલ્હી,તા.૧૩

જનરલ એન્ટી એવોઈડન્સ રૂલ્સ (જીએએઆર) અથવા તો ગાર અંગે મુસદા માર્ગદર્શિકા નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવ્યાનાં એક પખવાડિયાની અંદર જ વડાપ્રધાન મનમોહનસિંહે વિવાદાસ્પદ ટેક્સ જોગવાઈ અંગે નવેસરનાં ધારાધોરણો તૈયાર કરવા એક કમિટીની રચના કરી દીધી છે, તેનાં અમલીકરણ માટે ૩૦ સપ્ટેમ્બર સુધી એક રૂપરેખા તૈયાર કરી દેવામાં આવશે. ૩૦ સપ્ટેમ્બર સુધી જીએએઆર માર્ગદર્શિકા ઘડી કાઢવા કમિટીની રચના કરવામાં આવી છે. ચાર સભ્યોની આ કમિટીનું નેતૃત્વ આઈસીઆરઆઈઈઆરનાં વડા અને ટેક્સ નિષ્ણાંત પાર્થસારથી સોમ કરી રહ્યાં છે. પાર્થસારથી સોમ સંબંધિત લોકો પાસેથી અભિપ્રાય મેળવશે. તેમની પાસેથી અભિપ્રાય મળ્યાં બાદ અહેવાલ સુપરત કરશે. વડાપ્રધાને સંબંધિતો સાથે વાતચીત કરવા જીએએઆર અંગેની નિષ્ણાંત સમિતિની રચનાને લીલીઝંડી આપી દીધી છે. પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલાં નિવેદનમાં જણાવાયું છે કે, માર્ગદર્શિકાને ટૂંકમાં જ આખરી ઓપ આપવામાં આવશે. આ કમિટી ચર્ચાની પ્રક્રિયા હાથ ધરશે અને મુસદ્દા જીએએઆર માર્ગદર્શિકા તૈયાર કરશે. વિવાદાસ્પદ ટેક્સ જોગવાઈ અંગે વ્યાપક ચર્ચા કરવાનાં હેતુસર આ સમિતિ રચવામાં આવી છે. નાણાંખાતુ ધરાવનાર વડાપ્રધાન મનમોહનસિંહે આ મામલે પોતાને અલગ કરીને કહ્યું છે કે, તેઓ હાલ પાસાઓ ઉપર ચર્ચા કરી રહ્યાં છે. તત્કાલીન નાણામંત્રી પ્રણવ મુખર્જીએ કરચોરી રોકવા વર્ષ ૨૦૧૨-૧૩નાં બજેટમાં જીએએઆરની દરખાસ્ત રજૂ કરી હતી. જોકે વિદેશી મૂડીરોકાણકારોએ ભારે હોબાળો મચાવતાં તેનાં અમલીકરણને આગામી વર્ષે એપ્રિલ સુધી મૌકુફ કરવાનો નિર્ણય કરાયો હતો. પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલાં નિવેદનમાં જણાવાયું છે કે, ઘણાં અન્ય મોરચા પર વધુ સ્પષ્ટતાની જરૂર છે. આ મતને ધ્યાનમાં લઈ સિંહે નિષ્ણાંત કમિટિની રચના કરી છે, જે વધુ પારદર્શકતા લાવશે અને ચર્ચાની પ્રક્રિયાને વધુ ટેકનિકલ બનાવશે. વર્ષ ૨૦૧૩ સુધી વધુ એક વર્ષ જીએએઆરને મૌકુફ કરવાનું પગલું સ્વાગતરૂપ છે તેમ જણાવીને જણાવાયું છે કે, જીએએઆરની જોગવાઈઓ જટિલ છે. આ નવી કમિટીમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીનાં પૂર્વ ચૅરમેન એન.રંગાચાર્ય, ઈકોનોમિક થિંકટેન્ક એનઆઈપીએફપીનાં પ્રોફેસર અજય શાહ, મેહસુલ વિભાગનાં જોઈન્ટ સેક્રેટરી સુનિલ ગુપ્તા સભ્ય તરીકે છે. સમિતિની શરતોમાં સંબંધિતો સાથે વાતચીત કરવાની અને તેમની પ્રતિક્રિયા મેળવવાની બાબત સામેલ છે.

કમિટી ફીડબેક ઉપર આધારિત માર્ગદર્શિકા પર ફરી કામ કરશે અને ૩૧ ઓગસ્ટ સુધી ચર્ચા અને પ્રતિક્રિયા માટે બીજો મુસદો તૈયાર કરશે. એમ માનવામાં આવે છે કે, આ કમિટી પોતાનો પ્રથમ અહેવાલ ચાર થી છ સપ્તાહમાં આપશે. સરકાર જીએએઆરની મુસદ્દા માર્ગદર્શિકા જારી કરી ચૂક્યું છે. અંતિમ માર્ગદર્શિકા માટે નાણામંત્રાલય અને એફઆઈઆઈનાં નિષ્ણાંતો સાથે ચર્ચા ચાલી રહી છે.



પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષી હરિદ્વાર તરફ ભાવિકોનો ધસારો વધતા આ રૂટની ટ્રેન ભાવિકોથી ભરચક જોવા મળે છે.

# શેરબજારમાં અંતે ફ્લેટ સ્થિતિ જ રહી : ૧૯ પોઈન્ટનો ઘટાડો

નવીદિલ્હી,તા.૧૩

શેરબજારમાં આજે શરૂઆતમાં તેજી નોંધાયા બાદ કારોબારનાં અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્ષ ૧૯ પોઈન્ટ ઘટીને ૧૭૨૧૪ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮ પોઈન્ટ ઘટીને ૫૨૨૭ની સપાટીએ બંધ રહી હતી. ભારતની નિકાસમાં ૫.૪૫ ટકાનો ઘટાડો થયો હોવાનાં આંકડા આજે જારી કરવામાં આવ્યા હતાં જ્યારે આયાતમાં ૧૩.૪૬ ટકાનો ઘટાડો થયો હોવાનો આંકડો જારી કરવામાં આવતાં તેની શેરબજાર ઉપર અસર થઈ હતી. એપ્રિલ- અને જુન વચ્ચે નિકાસ ૧.૭ ટકા ઘટી છે અને નિકાસ ૭૫.૨ અબજ ડોલર રહી છે. તમામ એશિયન બજારોમાં આજે સાનુકૂળ સ્થિતિ રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો ગુરૂવારનાં દિવસે ૨૬૮.૫૪ કરોડની કિંમતનાં શૅર ખરીદી લીધાં હતાં. સેબી પાસેનાં ઉપલબ્ધ આંકડામાં જણાવાયું છે કે, એફઆઈઆઈમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્ષમાં ૧.૬ ટકાનો ઘટાડો થતાં તેની સપાટી ૬૧૩૨ નોંધાઈ હતી. રિયાલિટી, મેટલ ઈન્ડેક્ષમાં ચાવીરૂપ ઘટાડો રહ્યો હતો. ટીસીએસમાં સૌથી મોટો નફો જોવા મળ્યો હતો. કંપનીમાં ૩૮ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. બીજીબાજુ ઈન્ફોસિસનાં શૅર દબાણ હેઠળ રહ્યા હતાં. દરમિયાન દેશની સૌથી મોટી વીમા કંપની એલઆઈસીએ ઈન્ફોસિસમાં તેની હિસ્સેદારી રેકોર્ડ ૬.૩ ટકા સુધી વધારી દીધી છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૦૦૦ કરોડની કિંમતના શૅર એલઆઈસી દ્વારા ખરીદી લેવામાં આવ્યાં છે. ભારતની સૌથી બીજી મોટી ધિરાણ આપતી બેંક અને અન્ય બેંકિંગ શૅરોમાં આજે ભારે ઉતાર-ચઢાવની સ્થિતિ રહી હતી.

# અમરનાથ યાત્રામાં મૃતાંક વધીને ૭૨

શ્રીનગર , તા.૧૩

દક્ષિણ-કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફામાં પવિત્ર શિવલીંગના દર્શન કરવા માટે જઈ રહેલા શ્રદ્ધાળુમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. અમરનાથ યાત્રા માર્ગ ઉપર વધુ ચાર શ્રદ્ધાળુઓના મોત થતા મોતનો આંકડો વધીને ૭૨ ઉપર પહોંચી ગયો છે. ઉત્તર પ્રદેશના નિવાસી નિર્મલા ત્રિપાઠીનું ૩૮૮૦ મીટરની ઉંચાઈએ સ્થિત યાત્રા માર્ગ ઉપર હાર્ટ અટેકના કારણે મોત થયું હતું. ગુરૂવારની રાત્રે આ શ્રદ્ધાળુ કુદરતી રીતે બનતા શિવલીંગના દર્શન કર્યા બાદ પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. મધ્યપ્રદેશના નિવાસી ચાંદનું પણ હાર્ટ અટેકના કારણે મોત થયું હતું. ગંદરબાલ જિલ્લામાં ૧૬ કિલોમીટર લાંબા બલતાલ ગુફા માર્ગ ઉપર હાર્ટ અટેકના કારણે આ શ્રદ્ધાળુનું મોત થયું હતું. એક મહિલા સહિત અન્ય બે વણઓળખાયેલા શ્રદ્ધાળુઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. ચંદનવાડી અને પંજતારીની વચ્ચેના પરંપરાગત ૪૫ કિલોમીટર લાંબા પહેલગામ રૂટ ઉપર આ મૃત દેહ મળી આવ્યા હતા. મૃતકોની ઓળખવિધી કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. વાર્ષીક અમરનાથ યાત્રા ૨૫મી જુનના દિવસે પરંપરાગત બંને માર્ગ ઉપર શરૂ થઈ હતી. અમરનાથ યાત્રા શાંતિપુર્ણ રીતે આગળ વધી રહી છે. કુલ ૪૨૧૬૮૧ શ્રદ્ધાળુઓ અમરનાથના દર્શન કરી ચુક્યા છે.

# અરૂણાચલમાં પૂરથી થયેલાં નુકસાનની ઉંડી સમીક્ષા થશે

ઈટાનગર,તા.૧૩

અરૂણાચલ પ્રદેશમાં પૂરનાં કારણે થયેલાં ભારે નુકસાનની સમીક્ષા કરવા કેન્દ્ર હવે ઉચ્ચ સ્તરીય અધિકારીઓની એક ટીમ રવાના કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી પી. ચિદમ્બરમે આજે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. ચિદમ્બરમે રાજ્યનાં મુખ્યપ્રધાન નબામ ટૂકીને આ મુજબની માહિતી આપી હતી. ટૂકીએ તાજેતરમાં જ પૂરનાં કારણે થયેલાં નુકસાનની માહિતી ચિદમ્બરમને આપી હતી. જુન અને જુલાઈ મહિનાની શરૂઆતમાં અરૂણાચલમાં ભારે વરસાદ જારી રહ્યો છે જેનાં પરિણામ સ્વરૂપે ભારે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. ઘણાં માર્ગોને નુકસાન થયું હતું. ગામોમાં પૂરનાં પાણી ફરી વળ્યાં હતાં. ટૂકીએ માર્ગનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલાં નુકસાન અંગે વિશેષ માહિતી આપી હતી. રાજ્યનાં પાટનગર ઈટાનગર સહિત જિલ્લાઓમાં અને જુદાં જુદાં શહેરોમાં વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતોને થયેલાં નુકસાનનાં મામલામાં ચકાસણી થઈ રહી છે.



ભારે વરસાદનાં લીધે હાઈડ્રોપાવર અને ટ્રાન્સ અરૂણાચલ હાઈ-વે જેવા હાલ ચાલી રહેલાં પ્રોજેક્ટો પર માઠી અસર થઈ છે. વાદળ ફાટવાનાં બનાવો બન્યાં હતાં. ચિદમ્બરમે ટૂકીને ખાતરી આપી હતી કે, ટીમ દ્વારા અહેવાલ સુપરત કરવામાં આવ્યા બાદ રાહતની જોગવાઈ અંગે અંતિમ નિર્ણય લેવાશે. પ્રધાને ખાતરી આપી હતી કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ હેઠળ તેમનાં મંત્રાલય તરફથી ફંડની જોગવાઈ પૂરતા પ્રમાણમાં કરાશે.



દેશની આર્થિક રાજધાની મુંબઈના ઝવેરી બજારમાં ગત ૧૩/૭ના સિરીયલ બોમ્બ બ્લાસ્ટની ગોઝારી ઘટનાને એક વર્ષ પૂર્ણ થતા આજે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હિરાના વેપારીઓએ ઝવેરી બજાર ખાતે મીણબત્તી સળગાવી અને પુષ્પો સાથે પુષ્પાંજલી અર્પી હતી.

# આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સ્પીડ સ્ટાર બ્રેટ લીની નિવૃતિ

સિડની,તા. ૧૩

ઓસ્ટ્રેલિયાના સ્પીડ સ્ટાર અને વિશ્વભરના બેટ્સમેનોને તેની ગતિથી ભયભીત કરી દેનાર બ્રેટ લીએ આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી હતી. ૧૩ વર્ષ સુધી બ્રેટ લી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રહ્યો હતો. બ્રેટ લીનું કહેવું છે કે લાંબા સમય સુધી તે ક્રિકેટ રમવાની સ્થિતિમાં નથી. કારણ કે તેની ફિટનેશ અને શરીર સાથ આપી રહ્યું નથી. સત્તાવાર પત્રકાર પરિષદ પહેલાં સોશિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વીટર ઉપર બ્રેટ લીએ આ સમાચાર આપીને તેના ચાહકોને ચોંકાવી દીધા હતા. બ્રેટ લીએ ઓસ્ટ્રેલિયાને અનેક યાદગાર જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. બ્રેટ લીએ વન-ડે ક્રિકેટમાં ૩૮૦ વિકેટ લીધી હતી જે ઓસ્ટ્રેલિયાના મહાન ખેલાડી ગ્લેન મેકગ્રાથ કરતા એક વિકેટ ઓછી છે. બ્રેટ લીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે પરંતુ તે આઈપીએલ અને બીબીએલમાં રમવાનું ચાલુ રાખશે. લીનું કહેવું છે કે પોતાની કેરિયર દરમિયાન તે ટોચના સ્તર ઉપર રમીને ગર્વ અનુભવ કરી રહ્યો છે. ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ શ્રીલંકામાં સપ્ટેમ્બરમાં રમાનાર છે. આમા બ્રેટ લીને રમાડવા તેને સમજાવાના પ્રયાસ કરવામાં આવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. ટેસ્ટ પ્રવેશ કર્યા બાદ બ્રેટ લીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આજે શુક્રવારે ૧૩ વર્ષ પૂરા થઈ ગયા છે. બ્રેટ લીની એકાએક નિવૃત્તિની જાહેરાતથી લાખો ચાહકો ચોંકી ઉઠ્યા છે. કારણ કે બ્રેટ લીએ અગાઉ આવા કોઈ સંકેત આપ્યા ન હતા. અલબત્ત હાલના દિવસોમાં તે ખૂબ ઓછી મેચોમાં રમી રહ્યો હતો. ફિટનેશની સમસ્યાથી તે સતત ગ્રસ્ત હતો. છેલ્લા ઘણા વર્ષોમાં તે ખૂબ ઓછી મેચોમાં રમ્યા બાદથી એમ માનવામાં આવી રહ્યું હતું કે બ્રેટ લી વહેલી તકે નિવૃત્તિ લેવાની જાહેરાત કરી શકે છે. બ્રેટ લીની ગણતરી વિશ્વના સૌથી ઝડપી બોલરોમાં થાય છે.

## રાષ્ટ્રની અસ્મિતાના પ્રહરી કોણ બનશે?

(પાના નં. ૪ નું ચાલુ)

સૌએ કોશિશ કરી પરંતુ કોઈ નક્કી ન કરી શક્યું. છેવટે ડહાપણના ભંડાર સમા એક વયોવૃધ્ધ ઊભા થાય. તેમને એક સળી લીધી. પ્રથમ ઢીંગલીના કાનમાં નાખી તો બીજા કાનમાંથી બહારક નીકળી ગઈ. બીજી ઢીંગલીના કામનાં સળી નાખી તો મુખમાંથી બહાર આવી. પરંતુ ત્રીજી ઢીંગલીના કાનમાં સળી નાખી તો તે સીધી હૃદયમાં ઉતરી ગઈ.

વયોવૃધ્ધે ઘટસ્ફોટ કરતાં કહ્યું કે આ પ્રથમ ઢીંગલીની કિંમત એક રૂપિયો - કારણ કે જગતમાં મોટા ભાગના લોકો આ ઢીંગલી જેવા હોય છ એ કે વાત એક કાને સાંભળીને તુરત જ બીજા કાને બહાર કાઢી નાખે છે. બીજી ઢીંગલીની કિંમત પાંચ રૂપિયા એટલા માટે કે બીજા ઘણા લોકો એક કાને વાત સાંભળીને તુરત જ મુખ વડે બડબડ કરીને બહાર કાઢે છે. પરંતુ ત્રીજી ઢીંગલીની કિંમત પાંચસો એટલા માટે કે આ સમાજમાં બહુ થોડા લોકો એવા છે કે જે કાન વડે સાંભળીને સીધું હૈયામાં ઉતારે છે.

આપણે પર જરા આત્મખોજ કરીએ. શું સ્વામી વિવેકાનંદ નામની એક વિભૂતિએ આપણને એવું નથી કહ્યું કે ‘ભારતમાતાની પૂજા કરો, એ જ સાચી દેવી છે! દરિદ્રનારાયણની સેવા કરો, એ જ સાચો દેવ છે!’ પણ... પહેલી ઢીંગલીની જેમ જ આપણે આવા મહાપુરૂષની વાત કાન સોંસરવી કાઢી નાખી. શું વિનાયક દામોદર સાવરકર નામના એક વીર ક્રાંન્તિકારીએ આપણને એવું નથી કહ્યું કે - ‘‘સદ્ગુણ ખપે પણ સદ્ગુણ વિકૃત ન ખપે.’’ પણ... આપણે તો સર્વપંથસમભાવ અને અહિંસા જેવા સદ્ગુણઓનો અતિરેક કરીને ભયંકર સદ્ગુણ વિકૃતિ સર્જી અને રાષ્ટ્રને જોખમમાં મુક્યું. શું આપણને કવિવર રવીન્દ્રનાથ ઠાકુર જેવા વિશ્વકવિએ એમ નથી કહ્યું કે - ‘‘તારી હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે...’’ પણ આપણે નથી તો હાકલ કરતા કે નથી તો એકલા આગળ વધતા. શું આપણને સ્વામી રામતીર્થનાં એ વાક્યો યાદ નથી કે - ‘‘હું ભારત છું. હું ચાલું ત્યારે ભારત ચાલે છે. હું શ્વાસ લઉં ત્યારે ભારત શ્વાસ લે છે...’’ કેવી અદ્વિતીય એકાત્મતા! પણ આપણને તો આપણા સ્વાર્થ માટે પ્રિય ભારતને પણ ભૂલી જઈએ છીએ.

મહામાનવો કહી ગયા છે, આપણે કરવાનું છે. એ દિશા ચીંધી ગયા છે, આપણે ચાલવાનું છે. ભારતની અસ્મિતા, એની સંસ્કૃતિનાં મૂલ્યોનું જતન કરવાનું કામ આપણું સહુનું છે. પછી ક્ષેત્ર ગમે તે હોય - રાજનૈતિક, આર્થિક, સામાજિક કે શૈક્ષણિક.

કોઈ પણ રીતે ઉદાસીન બનવું પોસાય તેમ નથી. રાષ્ટ્રની સાચી શક્તિ એના અતિ સામાન્ય માનવીમાં છે. સાંકળની શક્તિની એની સૌથી નકળી કડીમાં છે.

આપણને પહેલી કે બીજી ઢીંગલીનો ખપ નથી, માત્ર ત્રીજીનો છે. એનો જ બોધ મહામૂલ્યવાન છે. ઘર ભલે સાચવો પણ પૂરા સમાજને ઘર બહાવો. વિચારશક્તિનો પરિઘ વિસ્તારો. વર્તુળ મોટું કરો.

કવિ શ્રી જયશંકર પ્રસાદની કાવ્યપંક્તિઓ છે -

તીર પર કૈસે રુકૂં મૈં
જબ હૈ મોજોં સે નિમંત્રણ!

રાષ્ટ્ર જયારે અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે આપણે અજાગ્રત કેમ રહી શકીએ?

આવો આપણે આપણી ધાર સજીએ
અને રાષ્ટ્રના જાગ્રત પ્રહરી બનીએ...

## આગવો માણસ - આપણો માણસ

• બીજા પાનાનું અનુસંધાન

કુઆલાલમ્પુર ખાતે યોજાઈ. સીંગલમાં રજત ચંદ્રકથી સંતોષ મેળવ્યો. ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ પી જે અબ્દુલકલામના હસ્તે ત્રીજી ડિસેમ્બર, ૨૦૦૬ના દિવસે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ગાંધીનગરની આ દીકરીને વિકલાંગો માટેના રોલમોડેલનો રાષ્ટ્રીય ખિતાબ મળ્યો. કોઈપણ ગુજરાતીની છાતી ગર્વથી બે ગજ ફૂલી જાય તેવો આ પ્રસંગ હતો. છઠ્ઠી નેશનલ ચેમ્પિયનશીપ, ૨૦૦૭ વળી પાછી બેંગ્લોરમાં યોજાઈ. બે સુવર્ણ ચંદ્રકોનો ઈજાફો થયો. આંતરરાષ્ટ્રીય કક્ષાએ આઈબીએડી વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ, ૨૦૦૭ થાઈલેન્ડના બેંગકોક શહેરમાં યોજાઈ. બે સુવર્ણ ચંદ્રકો સાથે સોનાની સોદાગર પારૂલ સ્વદેશ પાછી ફરી. વિકલાંગ માટેની સાતમી નેશનલ બેડમિન્ટન સ્પર્ધા ૨૦૦૮માં બેંગ્લોરમાં યોજાઈ. બેંગ્લોરની ભૂમિ પર લાગલગાટ આ છઠ્ઠો વિજય હતો. એક ગોલ્ડ મેડલ મેળવ્યો. પારૂલનો સોનાનો ખજાનો દિવસે દિવસે સમૃધ્ધ થતો જતો હતો. આરવાયએલએ, ૨૦૦૮ (ફર્સ્ટ ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ એન્ડ ટેલેન્ટ મીટ ફોર ધી ચેલેન્જડ)માં ચેન્નાઈ ખાતે સીંગલ અને ડબલ્સમાં બે સુવર્ણ ચંદ્રકો મળ્યાં. આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ બીજા એશિન પેરાલમ્પિક કપ, ૨૦૦૮ બેંગ્લોરમાં બે સુવર્ણ ચંદ્રકોઅને એક રજત ચંદ્રક પ્રાપ્ત કર્યા. નવમી જર્મન ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ, ૨૦૦૯ ફોર ધી ડિસેબલ્સમાં ડોટમન્ટ શહેરથી એક સુવર્ણ અને એક કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કરીને સ્વદેશ પાછી ફરી ત્યારે પારૂલના જીવનની એક મોટી ઘટના કાગડોળે તેની રાહ જોઈ રહી હતી. પારૂલને ૨૯ ઓગષ્ટ, ૨૦૦૯ના દિવસે અર્જુન એવોર્ડ મળવાનો હતો. મળ્યો! રમતગમત ક્ષેત્રે લગભગ સર્વોચ્ચ કહી શકાય તેવો આ ગૌરવશાળી પુરસ્કાર મેળવીને પારૂલ ધન્ય થઈ ગઈ. ડિસેમ્બર, ૨૦૧૦ એશિયન પેરાગેમ્સમાં ભાગ લઈ ચીનના ગોનઝાઉ શહેરમાંથી પારૂલ કાંસ્ય ચંદ્રક જીતી લાવી.

પારૂલનું જીવન બેડમિન્ટનની રમતને સમર્પિત છે. પારૂલ પોતાની સિધ્ધિઓનું શ્રેય પિતાની મહેનતને અને પોતાના આત્મવિશ્વાસને આપે છે. જો કે કોચનો ફાળો પણ નાનોસૂનો નથી. પારૂલ માટે સેક્ટર-૨૧નું જીમખાનું હંમેશાં ખુલ્લું છે. પારૂલ માને છે કે જો કોઈ બાળકને સમયસર સાચું માર્ગદર્શન અને યોગ્ય પ્રેરણા મળી જાય તો તે દુનિયા મૂઠ્ઠીમાં કરી શકે છે. પારૂલે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ૪૦થી પણ વધુ સુવર્ણ ચંદ્રકો મેળવીને બેડમિન્ટન જગતમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. પારૂલને વિકલાંગ કહેવા કરતાં વીરાંગના કહેવું હવે વધુ ઉચિત લાગે છે. પારૂલ અડચળોને અવસરમાં ફેરવી જાણે છે. એ કહે છે કે મારા માર્ગમાં અડચણો તો ઘણી આવી પરંતુ મારા દૃઢ મનોબળને કારણે તે આસાન બની ગઈ. તીવ્ર ઈચ્છાશક્તિ, ભરપૂર આત્મવિશ્વાસ, અખૂટ આસા અને દૃઢ મનોબળ સાથે જીવતી પારૂલ પોતાને કદી ડિસેબલ્ડ માનતી નથી પણ ડિફરેન્ટેબલ માને છે (પારૂલ નોખી માટીથી ઘડાયેલી છે ને!) ગાંધીનગરની આ દીકરી બેડમિન્ટનનો એવરેસ્ટ સર કરે તેનું ગૌરવ ગાંધીનગરાઓને હોય તે સ્વાભાવિક છે. પારૂલ ગાંધીનગરની પ્રતિભા છે. બેડમિન્ટન પારૂલનો આત્મા છે. પારૂલનું રોમરોમ બેડમિન્ટનને સમર્પિત છે. ગાંધીનગરની આ દીકરી હવે બેડમિન્ટનનો પર્યાય બની ગઈ છે. તે હાલ બેડમિન્ટનના કોચ તરીકેની તાલીમ લઈ રહી છે. તેનું ધ્યેય હવે ગુજરાતમાંથી સારા બેડમિન્ટનના ખેલાડીઓ તૈયાર કરી તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકાવવાનું છે. તેને ઓલિમ્પિકમાં રમવું છે. ઈશ્વર આ લક્ષ્ય સુધી પહોંચવા પારૂલને સહાયતા કરે અને તે ઓલિમ્પિક વિજેતા થઈ દુનિયાના નકશામાં ગાંધીનગરનું નામ સ્વર્ણ અક્ષરે અંકિત કરે તેવી શુભેચ્છાઓ!

પંખ હોનેસે કુછ નહીં હોતા, કામયાબી તો હૌંસલેમેં હૈ!.... હસ્તીમલ હસ્તી